સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

એને પડે ગાલે તમાચો તો ગુજરાત ને લાગે છે!
એમને કોઇ આપે ગાળ તો ગુજરાત ને લાગે છે!
લાગે છે ગુજરાત ને જુલાબ એમની ખાયકીનો -
એનાં એન્ક્વૌંટરીયાં પાપ, તો ગુજરાત ને લાગે છે!
('એ' એટલે ગુજરાત)

હાઇકુ

છોડે ન પીય!
રાજકારણી જેમ -
વૃધ્ધ પ્લેયરો..
(વાહ રે મોહ!)

મોરો સિંહનો!
અંદર ન બહાર
બેઠા ઉંબરે..
(નરસિંહ સ્વરૂપ = નરહરિ)

ચિંતન

મુકુટે રોપિતઃ કાચશ્ચરણા ભરણે મણિઃ
નહિ દોષો મણેરસ્તિ કિંતુ સાધોરવિજ્ઞતા ॥

મુકુટમાં કાચ અને પગના ઘરેણામાં મણિ જડવામાં આવે એમાં દોષ મણિનો નથી, પણ એમાં જડનારની અજ્ઞાનતા છે.

આજના યુગમાં, જ્યાં સૌ પોતાના સ્વાર્થમાં રચ્યાં-પચ્યાં હોય ત્યાં બીજા માટે વિચારવાની 'ક્ષણ' પણ કોને માટે છે? પરિણામે આપણે બીજાના ગુણ, સદ્‌ગુણ, સ્વભાવ, ત્યાગ કે સમર્પણ દેખાતાં જ નથી - ત્યારે એની કદર કે પ્રશંસા કરવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

પતિ-પત્નીને એકમેકના સદ્‌ગુણ દેખાવાને બદલે અવગુણ, ખરાબ ટેવો, જડ વર્તન અને રીતભાત જ દેખાય છે. પોતાના માટે એણે શું કર્યું! એનો જ મનમાં વિચાર રમતો હોય છે, આવા ક્યારો મનમાં ભર્યાં હોય ત્યારે હકારાત્મક દૃષ્ટિ કે સદ્‌ભાવ જન્મે જ ક્યાંથી? પતિ/પત્નીની કદર કરી તેના પ્રત્યે પ્રેમ-વાત્સલ્ય પણ જન્મે ક્યાંથી? એમાં રહેલા 'સદ્‌ગુણો'નો નહીં.

એવું જ મૈત્રી સંબંધો, સામાજિક પરિવારો, શેઠ-નોકર, કર્મચારી-અધિકારી-બાબતમાં પણ છે. કોઇ પણ વ્યક્તિમાં રહેલા સદ્‌ગુણ, એની કર્તવ્ય ભાવના ત્યાગ, સ્વભાવનો સદ્‌-ઉપયોગ થતો નથી એની શક્તિ અને જીવન વેડફાઇ જાય છે. એમાં સમાજનો - એની સાથે સંકળાયેલ વ્યક્તિનો દોષ છે.

સુવિચાર

- જે ન કરવા જેવું છે તે આપણને દુર્જનો જ શીખવે છે - **આનંદ અવધૂત**
- ગમે તેટલી ભારે ભૂલ થઇ હોય છતાં નવ્વાણું ટકા લોકો પોતાને દોષિત નથી ઠરાવતા પણ બીજો કોઇ પર આરોપ ઢોળી દેતા હોય છે - **સ્વામી ચૈતન્ય**
- અપરાધી માણસ પોતાના સિવાય બીજા બધાને દોષિત ઠરાવતા હોય છે- **સ્વામી દયાનંદ**
- જે ખરેખર મહાન છે તે કદી પોતાની મોટાઇના બણગાં ફૂકતાં નથી- **સ્વામી રામતીર્થ**
- વિચારવંત અને મુત્સદ્દી ઘણું કરીને કોઇ પણ ભૂલ માટે બીજાને દોષ આપતા નથી - **સ્વામી અદ્વૈતાનંદ**
- જે માણસ સદાય ઉદાસ, નિરાશ અને ખિન્ન રહે છે તેને સમાજ સ્વીકારતો નથી - **સ્વામી આનંદ**
- જ્યાં સુધી તમે તમારા સ્નેહને તમારા શબ્દમાં અભિવ્યક્ત નહીં કરો ત્યાં સુધી તે સામેનાં હૃદય સુધી પહોંચશે કેમ? - **એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

ઘણીવાર માણસો ઇર્ષા-છળકપટમાં બીજાને માટે કાવા-દાવા કરી ખાડા ખોદતા હોય છે પણ કુદરત એનો બદલો એવો આપે છે એ ખાડામાં એ જાતે જ પડતા હોય છે -

બાદશાહના દરબારીને પોતાના પુત્રને ખાલી પડેલું 'ખજાનચી'નું પદ અપાવવું હતું, પણ બીરબલને એ પુત્રના લક્ષણ-ચારિત્ર્ય અને નિષ્ઠા પર શંકા હતી એટલે નિર્ણયથી ફાઇલ દબાવી રાખી હતી. દરબારીને, બીરબલ ખૂબ ખટકતો હતો.

એક વાર બાદશાહને બીરબલની જરૂર પડી, પણ બીરબલ સભામાં હાજર નો'તો. પેલા દરબારીને તક મળી ગઇ. એણે મીઠું મરચું નાખી કહ્યું, એ તો કોઇ'દિ સમયસર આવે જ છે ક્યાં?

બાદશાહ કહે, એ મિત્ર જેવો છે પણ એને વિરોધ-ગુસ્સો બતાવવો કેમ? દરબારી કહે, આજે એ જે રજૂઆત કરે એમાં કડકાઇ પૂર્વક 'ના' પાડતા આવજો - એટલે એ સમજી જશે... બીરબલ આવ્યો, ને કહ્યું મને આજે આવતાં મોડું થયું, માફ કરી દો! બાદશાહે કહ્યું, 'ના' માફ નહીં થાય. બીરબલ કહે, તો ક્યેરીનું કામકાજ શરૂ કરશું? રાજા : 'ના' બીરબલ કહે તો હું લેર જાઉં? બાદશાહ કડક થઇ, 'ના' કહ્યું.

બીરબલે પેલા દરબારીનું ખંધુ હાસ્ય જોયું, સમજી ગયો. કહ્યું, આ દરબારીના પુત્રને આજે જ ખજાનચીનું પદ આપી દઇએ!? બાદશાહે ગુસ્સે થઇને કહ્યું, ના આજે પણ નહીં, કદીય નહીં.

દરબારીનું લોહી સૂકાઇ ગયું..

આમ જુઓ, તો આપણે સમદુખિયાં ગણાઇએ, તારો ઘરવાળો ગુજરી ગયો છે તો મારે મારી ઘરવાળી અકાળે ઘરડી થઇ ગઇ છે, મને તારી સામે જોઉં છું, એટલી પળો જ સાચી જિંદગી જીવતો હોઉં એવી લાગે છે

મલાજો
- કેશુભાઇ દેસાઇ

અહીંથી તારા ફ્લેટની બાલ્કનીનો અડધો ભાગ બિલકુલ સ્પષ્ટ દેખાય છે. એકદમ ક્લિયર. સવારે તું ઊગતા સૂરજના સોનેરી પ્રકાશમાં તારા લાંબા વાળ ઓળતી હતી ત્યારે હું તને લુબ્ધ નજરે તાકી રહ્યો હતો. મારી જોડેની જ ખુરશી પર બેઠી બેઠી નીલા પર મારી દાનત પારખી ગઇ હતી.

'ચા પી લો શાંતિથી.' એણે હળવી ટકોર કરતાં કહ્યું હતું : 'એમ કંઇ એની સામે ટગર નજરે જોયા કરવાથી એ -' પછી અટકીને, મનમાં ઉપસેલું મૂળ વેણ બદલીને પાછી બબડવા લાગેલી : 'એ કંઇ નવરી નથી તમારી સામે જોવા. વાળ સૂકવવા તડકે નીકળી છે, હમણાં પાંચ-દસ મિનિટમાં એનાં પીંજરામાં પુરાઇ જશે.'

પત્નીની વાત ખોટી પણ ક્યાં હતી? એ તારા વિશે તું પણ નહીં જાણીતી હોય એવી સનસનાટી ભરી હકીકતોથી વાકેફ છે. પોતે તો સીદીસાદી ગૃહિણી છે પણ આજુબાજુ રહેનારી પાડોશણોની પાસે બેસે છે ત્યારે, એના શબ્દો ટાંકીને કહું તો - સૌ પ્રથમ તારાજ નામનો ચોપડો ખૂલે છે. તું મૂળે રાજસ્થાનની રાજપૂત મહિલા છે અને અહીં બેંકના મેનેજરની નોકરી કરવા આવેલો તારો ઘરવાળો દસ વરસ અગાઉ રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામેલો, એ વાત પણ મને નીલાએ જ કરેલી. તે વખતે એને ક્યાં ખબર હતી કે સામેના એપાર્ટમેન્ટના ટોપ ફ્લોર પર રહેલી વિધવા તરફ એનો ઉંમર લાયક પતિ એની પ્રતિષ્ઠાને છાજે એ બરનું આવું અદમ્ય આકર્ષણ અનુભવશે! બિચારી સ્ત્રી મને રોજેરોજ તારી અવનવી બાબતો જણાવતી રહી - જાણે કોઇ જોવાલાયક ચીજ ન હોય તું, એમ મને બાલ્કનીમાં બેઠા બેઠા તારી સામે જોવા ઉશ્કેરતી રહી : જુએ તો ખરા, કેવા શણગાર સજ્યા છે! જાણે તાજાં તાજાં પરણીને પહેલી વાર સાસરે આવ્યાં હોય એવાં લાગે છે મીનળબા!

ત્યારે મેં ધીમે રહીને તારી સામેથી નજર હટાવી દેતાં કહ્યું હતું : બિચારી યુવાન છે. અકાળે હેવાતન ખોવાઇ ગયું એથી સાધ્વી થોડી થઇ જાય! બનવાજોગ કે એમ નથી પોતાની જાતને વિધવા ન યે માનતી હોય! મરનારનું શરીર મર્યું છે, આત્મા તો અમર જ ગણાયો છે ને! એના આત્મા સાથે જ પરણી હોય તો એ વિધવા - થોડી જ ગણાય?

'ના જોયાં હોય તો મોટા આત્માવાળા!'

- એ મોં મચકોડીને ઊભી થઇ ગયેલી : મૂઇ નાગી છે નાગી... મને તે લાગેછે, એણે જાતે જ બાપડા દરબારનું કાસળ કાઢી નાખ્યું હોવું જોઇએ. શકરીબેન કહેતાં'તાં : બહું જ ભલો માણસ હતો દરબાર. એકદમ ભગવાનનું મનેખ. ભર્યા તળાવમાં તરસે મરી જાય એવો. શોપિંગ કરીને આવતાં હોઇએ તો દોડીને આપણા હાથમાંથી થેલી ઊંચકી લે; છેક ત્રણ માળ ચડીને ઘરમાં મૂકી જાય...

નીલા તારા ઘરવાળાને તો ભગવાનનું મનેખ ગણી શકે છે, પણ મને હવે એ પૂરેપૂરો શયતાન માની બેઠી હોય તો નવાઇ નહીં, હું રોજ સવાર-સાંજ મારા ત્રીજે માળે આવેલા ફ્લેટની બરાબર સીધમાં પડતી તારા ફ્લેટની બાલ્કની તરફ નજર માંડીને બેસું છું ત્યારે એ મને ટકોરાં વગર રહેતી નથી. એને પાકી ખાતરી છે કે હું ક્યારેય એને છોડીને તારી સાથે રહેવા આવી જવાનો નથી. એને એ પણ ખબર છે કે મારી જે લાલપાલ મારા ઘરમાં થાય છે એવી દુનિયામાં ભાગ્યે જ બીજા કોઇ પુરૂષની થઇ હશે.

'અહીંથી કૂદકો જ મારોને, ખાલી ખાલી લાળ પાડ્યા વગર!' એને ન ખમાયું એટલે આજે તો એણે કહી જ દીધું : 'અહીં બેઠા બેઠા મિસાસા નાખવા એ કરતાં એની પડખે જઇને બેસતા હો તો? હું થોડી દામણાં લઇને બેઠી છું કે તમને બાંધી રાખીશ?'

મેં એને ચીડવવા ખાતર પૂછ્યું : મને એ એના ઘરમાં પેસવા દેશે ખરી? શી ખાતરી કે જઇને બારણે ટકોરા મારૂં ને એ ડોકાબારીમાંથી જોઇને જ બે વિવેકભર્યાં વેણ કહી બારોબાર વિદાય નહીં કરી દે?

એ છંછેડાઇ ગઇ હતી. 'જવું હોય તો જાકારો ખમવાની ય તૈયારી રાખવી પડે. બૂઢ્ઢાં પડે તોય ચૂપચાપ ખાઇ લેવાનાં!' એની આંખોમાં એકાએક ચમક આવી ગઇ હતી. જાણે હું ખરેખર તારે ઘેર આવી ચડ્યો હોઉં અને પછી કશીક અણછાજતી માગણી કે અડપલું કરી બેઠો હોઉં... તું મને લૂગડાં ધોવાનો ધોકો લઇ ધીબેડવા લાગી હોય...

'તમને તો ધોકાપાક પડે એ લાગના જ છો!' એણે મનમાં હતું એ આખરો ઓકી જ નાખ્યું : 'પારકા ભૈરા પર નજર બગાડે એને તો બૂઢાં જ પડવાં જોઇએ ને!'

મને પણ એની વાતમાં સૂર પુરાવવાનું મન થઇ આવે છે. એવા લબડુ આને લાળપાડુઓને તો મેથીપાક મળે તે જ બરાબર. કોણ જાણે આટલી સમજણ છતાં માઇં માંકડા જેવું મન કેમ કુદકારા મારતું ફરે છે! દીકરીને સાસરિયે વળાવી દીધા પછી બાપ ઘરડો લાગવો જોઇએ. અહીં તો એથી સાવ જ ઉલ્ટું બન્યું છે. હું દિવસે દિવસે બેફામ બનતો જાઉં છું. ગઇ કાલે તો તારી સામે મારી બાલ્કનીમાં બેઠાં બેઠાં કેવા ગંદા ચાળા કરેલાં! તને પણ શરમ આવે. સારૂં થયું કે તારી નજર ન પડી તને કદાચ નહીં સંભળાયું હોય, નહીંતર મેં ઉશ્કેરાઇ જઇને મોટા અવાજે પૂછેલું પણ ખરૂં : 'લેર આવવાની તો ફુરસદ નથી મળતી, તો પછી સપનામાં શું કામ આવે છે?'

આજે તો મારે તારી સામે પાપ પ્રકાશી જ દેવું છે. આ પાર કે પેલે પાર. મને તું ગમે છે. બોલ, મને તું ગમતી હોય એમાં મારો કોઇ વાંક? કોઇ ગુનો? તને એમ જરૂર લાગે કે તું ઘણી જુવાન છે અને હું છેક પાંસઠ વટાવવા આવ્યો છું. ઉંમરના તફાવતનો મુદ્દો જરૂર એક મોટી અડચણ નીવડી શકે. પરંતુ પ્રિયે, ઉંમરમાં ભલે સાઠીની માઠી દશાએ પહોંચી ગયો હોઉં પરંતુ દિલથી સદાબહાર છું. અજમાવી જુએ તો ખબર પડે. હું તને પિસ્તાળીસ વરસનો પ્રૌઢ બનીશ, પાંસઠનો વૃધ્ધ નહીં. એની ખાતરી આપું છું. મને મારી પત્નીમાંથી રસ ઊડી ગયો છે. એને પણ સાંસારિક મોહમાયા કરતી રહે છે. જાણે આગળનો - પરલોકનો પંથ વાળીઝૂડીને તૈયાર ન કરતી હોય, એમ, હતાં એટલાં તીરથ કરી નાંખ્યાં; અગિયારશો ઊજવી કાઢી. મારાથી ઉંમરમાં સાત વરસ નાની છે છતાં મારી કાકી જેવી લાગે છે. બોલ, મારે પણ એના વાદે અકાળે માળા લઇ લેવી? તું જ ન્યાય કર!

આમ જુઓ, તો આપણે સમદુખિયાં ગણાઇએ. તારો ઘરવાળો ગુજરી ગયો છે તો મારે મારી ઘરવાળી અકાળે ઘરડી થઇ ગઇ છે. મને તારી સામે જોઉં છું, એટલી પળો જ સાચી જિંદગી જીવતો હોઉં એવી લાગે છે. બાકીનો બધો જ વખત મારે આ ઘરડી ડોશીની કચકચ સાંભળવાની અને વગર મોતે રિબાઇ રિબાઇને, કટકે કટકે મરતાં રહેવાનું!

આ પત્ર નથી, મારી હૈયાસગડી છે. તું એનો કેવો પ્રતિભાવ આપીશ તે જાણતો નથી. એક વાત નક્કી માનજે : હું તને ક્યારેય પ્રત્યક્ષ મળ્યો નથી. પરંતુ તને જ્યારથી જોઇ છે ત્યારથી તારા પર ઓળઘોળ છું. બની શકે કે મારો પ્રેમ વન-વે ટ્રાફિક જેવો હોય. એમ હોય તોય શું? જેને જે માનવું હોય તે માને. પ્રેમ તો જીવનનો અર્ક છે. મોરારિબાપુ પણ પ્રેમનો મહિમા ગાય છે : 'સત્ય, પ્રેમ, કરૂણા!' તો આટલે અટકું? હવે દડો તારી કોર્ટમાં છે. હું તને પ્રેમ કરૂં છું તે સત્ય છે. તું મારા ઉપર કરૂણા વરસાવીશ તો મોરારિબાપુનું સૂત્ર સાર્થક થશે!

- ત્રીજે દિવસે સ્પીડ પોસ્ટમાં પત્ર આવ્યો. ટપાલી ડોરબેલ વગાડી રહ્યો હતો ત્યારે પણ મારી હૈયામાં ઊછળતાં પ્રેમ પારાવારમાં ડૂબકી મારવા તું બાલ્કનીમાં નહીં ડોકાય? અને આ... લે! તું તો ખરેખર ડોકાઇ! તારો ફૂલગુલાબી ચહેરો જોયા કરૂં કે તારો સ્પીટપોસ્ટમાં આવેલો પત્ર વાંચું?

એક આંખ તારી સામે ટીંગાળીને ફાંગી આંખે કાગળ વાંચુ છું ને રૂંવે રૂંવે વીજળીનો કરંટ ફરી વળે છે.

તેં લખ્યું છે : આટલો વખત જવા દઉં છું. ફરી વાર આવી હરકત કરી તો સીધી પોલીસ સ્ટેશને પહોંચી જઇશ. સમજી લેજો કે આજે તમારી ઉંમરનો મલાજો રાખું છું... મારી અંગત બાબતોમાં રસ લેવાનો તમને શો અધિકાર છે?

આપણે જયારે અભિપ્રાય વ્યક્ત કરતા હોઇએ છીએ, ત્યારે આડકતરી રીતે એવું પુરવાર કરવા માગીએ છીએ કે આના કરતાં મને વધુ આવડે છે

વિચાર યાત્રા
- જય ઓઝા

સાચના સંબંધ બહુ ઓછા હોય છે. મોટા ભાગનાં આપણા સંબંધો કાચના હોય છે, તેને નંદવાઇ જતા વાર નથી લાગતી. આપણે નથી ઊંડે જોતા કે નથી ઊંચો જોતા, આપણો આપણી જાત સાથેનો સંબંધ પણ કેટલો અછડતો છે! કોઇ દિવસ મનગમતું આપણી જાત સાથે વાત કરવાનો મોકો મેળવ્યો છે ખરો?

માણસ જાત જન્મે છે ત્યારથી ઇચ્છા હોય કે ન હોય એ સંબંધોની માયજાળમાં ફસાયો છે. પ્રત્યેક સંબંધ મારીચના રૂપમાં સુવર્ણ મૃગ છે... દૂરથી જોવાની મજા છે, પાસે જઇને કદી પકડી શકાતો નથી. આપણે જો જાત સાથે સંબંધ કેળવીએ તો કસ્તુરી મૃગ થવાય. કસ્તુરી મૃગ પાસે પોતાની સુવાસ હોય છે... જે માણસ પાસે પોતાનું કશુંય હોય તેણે બહારના કશા પર ઝાઝો મદાર રાખવો પડતો નથી.

જયારે બધા જ સંબંધો પોકળ અને પામર પુરવાર થાય ત્યારે અથવા ન થાય તો પણ માણસે ક્યારેક તો સંબંધની પાર જતાં રહેવું જોઇએ... આગ્રહ બરાબર છે. પરંતુ દુરાગ્રહ ખોટો છે. અભિવ્યક્તિ બરાબર છે, પરંતુ કટુતા હોય તો પડવા જેવું નથી. સત્ય પણ સારી રીતે કહી શકાય છે. તમે ગમે તેટલા સાચા હો કે આખાબોલા હો. પણ કોઇને વાગે એ રીતે વાત ન કરાય. શરીરનું ખૂન કરીએ તો ખૂની કહેવાય. પણ શબ્દોની કોઇને દુભવીએ તો એની શિક્ષા અંતે તો આપણને જ ક્યારેકને ક્યારેક થતી હોય છે.

માટે જ તો આપણા શાસ્ત્ર વચન છે ને -

સત્યં બ્રૂયાત, પ્રિયં બ્રૂયાત, ન બ્રૂયાત
સત્ય અપ્રિયમ્

હા! તેનો અર્થ એવો નથી કે આપણે શબ્દોથી લોકોને પંપાળે જ રાખીએ, જયાં આપણાં સત્યની જરૂર હોય ત્યાં જ વાત કરી શકાય.

આપણું સત્ય અને આપણાં આંસુ ક્યારેય સસ્તા ન બનાવવા. બંને ખૂબ મૂલ્યવાન છે... ગમે ત્યાં ન વેડફાય.

અને જરૂર વગર કોઇના અહમ્ શા માટે અડફેટમાં લેવો? ઘવાયેલા અહમવાળો માણસ પશુ થઇને વીફરે છે અને વકરે છે.

આપમે મોટાભાગે અભિપ્રાય ઓકતા હોઇએ છીએ... આપણે જયારે અભિપ્રાય વ્યક્ત કરતા હોઇએ છીએ. ત્યારે આડકતરી રીતે એવું પુરવાર કરવા માગીએ છીએ કે આના કરતાં મને વધુ આવડે છે.

સાચું બોલવું અને સારૂં બોલવું, એક કળા છે... પરંતુ માણસ જાત એક મેકને સુખી કરવા ટેવાઇ નથી. જયાં સુધી વ્યક્તિ એકમેકને દુઃખ ન આપે ત્યાં સુધી માણસને ચેન પડતું નથી. જેમ જેમ સંબંધ ગાઢ થતો જાય તેમ-તેમ દુઃખી કરવાની કળા પણ ગૂઢ અને પ્રબળ થતી જાય... જે ક્ષણે આપણા સુખનો આધાર બીજાના દુઃખ પર આધારે રાખે તે ક્ષણથી આપણું મનુષ્ય તરીકેનું પતન શરૂ થયું સમજો...

મહેણા-ટોણા, વાત વાતમાં મોઢું ચડાવવું, ત્રાસા કરવા, હવે તો મારી બાબતમાં નહીં જ બોલું એમ કહીને તોબરો ચડાવીને ફરવું - આ બધી સામી વ્યક્તિને યાતના આપવાની અનેક પધ્ધતિઓ છે...

ઊંચે નજર કરો, જરા ઊંચે, હજી ઊંચે,
આકાશ છાબ છે અને તારા ગુલાબ છે...

લગ્નજીવન એ શું છે? કેટલી અનેકેવી કુશળતાથી પતિ અથવા પત્ની પોતાની વાતની સહમતિ મેળવી શકે છે... આમાં શતરંજની ચાલની જેમ બે પગલાં આગળ તો કોઇ વખત બે ડગ પાછળ ચાલીને પણ બાજી બચાવવાની જહેમત કરવાની હોય છે...

માતા-પિતા, ભાઇ-બહેન આ દરેક સંબંધો અંતો તો છૂપું રાજકારણ જ છે ને! અચંભિત ન થશો! ઇમોશનલ બ્લૅક મેઇલિંગ દ્વારા જે કામ કઢાવવામાં આવે છે, તેના કરતા તો લમણે પિસ્તોલ મૂકીને કોઇ લૂંટી લે ને વધુ સારૂં લાગે...

સંતાનનું આંજ્ઞાકિતપણું ઘણીવાર આવા ચાન્સ મા-બાપને આપે છે... જે સંતાન નફ્ફટ થઇને જવાબો આપે છે, તેવા મહારથીની વાત નથી પરંતુ જે સંતાન, માતાપિતા-પત્ની-બહેન - બધા જ સગાને - બધા જ સંબંધનો : સાચવવાનો ભેખ ધારણ કરીને બેઠો હોય છે - તેને સૌ ટપલા મારી મારીને લાગણીવશ બનાવીને કામ કઢાવીને પોરસાય છે... વાત કડવી છે પરંતુ સાચી છે...

વસ્તુતઃ વર્ષના અંતે ઓડિટના લેખા-જોખાની જે બેલેન્સ શીટ બને છે, તેમ સંતાન ક્યારે આજ્ઞાકારી બનીને મા-બાપના વશમાં રહ્યો અને કેટલો વખત બળવો પોકારીને વહુઘેલો થયો તેની SUMMARY બનાવીને નફા નુકશાનનાં આંકડાં માંડવામાં આવે છે...

ઘરમાં કોનું મહત્ત્વ વધારે છે, કેટલા ટકા સલાહ સૂચનો કયા સદસ્યના માનવામાં આવે છે. તે આધારે પરિવાર-જનો મનોમન પોતાનું મહત્વ કેલ્કયુલેટ કરતા હોય છે.

અને રખે ને માનતા આ બધું ઇરાદાપૂર્વક કરવામાં આવતું હોય છે, આ બધો વ્યવહાર તો અજાણતાં જ સૌ વ્યક્તિઓમાં IN BUILT જ પડેલો હોય છે.

કોઇ વખત પ્રેશરાઇઝ કરીને, ઘણીવાર કોમ્પ્રોમાઇઝ કરીને, પરિવારની ખુશી અને સમૃધ્ધિ માટે કજિયા - કંકાસ, ટાળવા માટે એડજેસ્ટમેન્ટ કરી કરીને જીવતા - જીવતા આપણે અધમુઆ થઇ જઇએ છીએ...

...Relax, આપણે કાંઇ આ બધા સામે બંડ પોકારીને હિમાલય ભણી ચાલી જવાની આવશ્યકતા નથી... પરંતુ આપણા આત્મીયજનો માટે આખી જિંદગી આપણે આપીએ છીએ... મા-બાપ, ભાઇ-બહેન, પત્ની-બાળકો, તો આ બધામાંથી સમય કાઢીને ક્યાંક આપણી માટે પણ જીવી લઇએ... આપણને ગમતી કોઇ એક વસ્તુ કરવામાં દિવસનો માત્ર અડધો કલાક પણ કાઢી રાખીએ... તો આનંદ બેવડાશે... કદાચ જે લોકો આપણા પોતાના છે, તેમને વધુ સારી રીતે સાચવી શકાશે... સ્વયં સાથેનો સંવાદ વધારશું તો બીજા વિવાદોથી બચી શકાશે; આપણે આપણા કુંડાળામાંથી બહાર નીકળીને શ્રી વેણીભાઇ પુરોહિતની પંક્તિ સ્મરી લઇએ...

ઊંચે નજર કરો, જરા ઊંચે,
હજી ઊંચે
આકાશ છાબ છે, અને તારા
ગુલાબ છે...

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૧૧મી ડિસેમ્બર

- હિન્દી સાહિત્યમાં ખડી બોલીના પ્રયોજક - રાષ્ટ્ર કવિ મૈથીલી શરણ ગુપ્તાજીની પુણ્યતિથિ. ૫૦ જેટલી મૌલિક અનુવાદિત કૃતિઓનું સર્જન કર્યું. હિન્દી કવિતામાં પાયાનું કામ કરનારા મહાન કવિ ૧૧-૧૨-૧૯૬૪માં મૃત્યુ પામ્યાં.
- આધુનિક તત્ત્વચિંતક, અધ્યાત્મ ક્ષેત્રનાં અગ્રણી આચાર્ય રજનીશ (ઓશો) નો જન્મ ૧૧-૧૨-૧૯૩૧. દર્શનશાસ્ત્રમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ય થયા. વક્તવ્યો અને આંદોલનથી લોકોની ઊંઘ ઉડાડી દીધી. ૩૫ ભાષામાં ૬૦૦ પુસ્તકો લખ્યા. ૧૯-૧-૧૯૯૦ તેમનો નિર્વાણ દિન.
- ૧૯૦૧ - વાયરલેસની મદદથી સંદેશા વ્યવહાર શક્ય બન્યો.
- ૧૯૦૫ - રાષ્ટ્રસંઘની સ્થાપનાનો ચર્ચિલ, રૂઝવેલ્ટ અને સ્ટાલીનનો નિર્ણય.
- ૧૯૧૮ - ૧૯૭૦નું નોબેલ પારિતોષિક મેળવનાર એલેક્ઝાન્ડર સોલ્ઝીનિત્સીનનો જન્મ.
- ૧૯૦૮ - રમણલાલ નરહરિલાલ વકીલ સાહિત્યકારનો જન્મ.
- ૧૯૪૦ - પ્રાચ્ય વિદ્યાનાં સંશોધક વિશ્વનાથ પ્રભુરામ વૈદ્યનું અવસાન.
- ૧૯૬૫ - વ્યાયામ પ્રચારક - અબુંભાઇ પુરાણીનું અવસાન.
- યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ, ઇમર્જન્સી ફંડ - યુનિસેફ ડે, ૧૧ ડિસેમ્બર - ૧૯૪૬.

હૈયામાં હામ હોય, મનમાં આગળ વધવાની તમન્ના હોય, તો શું ન થઈ શકે?

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

એક પંક્તિથી પરિચયનો પ્રારંભ કરીએ તો?

પરસેવાને પ્રબળ રસાયણ
થઈ સઘળે રેલાવું પડશે,
ભલે ભાગ્યરેખા વજ્જર -
સમ એને પણ ભૂસાવું પડશે.

વિશ્વકર્માના સંતાનો કાગળ ઉપર આડી અવળી રેખાઓ આલેખે તો પણ કલાત્મક હોય, માપસર હોય, મશીનની શીટ બનાવવામાં અભ્યાસકાળમાં પારંગત હતા અને આજે પણ છે. એવા યુવા ઉદ્યોગકારનું નામ છે. જિજ્ઞેશ સંચાણીયા. ઉમદા સ્વભાવનાં, મહેનતુ, અનુભવી પિતા રમણિકભાઇ અને પ્રેમાળ માતા ભાગીરથી બેનનું મૂળ વતન છ રાજકોટ જિલ્લાનું કોટડા સાંગણી.

જિજ્ઞેશભાઇનો જન્મ તા. ૬ જૂન ૧૯૭૭ના રોજ રાજકોટ ખાતે થયો હતો. આઇ.ટી.આઇમાં ડ્રાફ્ટમેન મિકેનિકનો અભ્યાસ કરી ચૂકેલા આ યુવાન વર્ષ ૨૦૦૦થી ઇનોવેટિવ મોલ્ડ વર્કસ નામની ડાયઝ અને પેટર્ન મેકીંગની ફેક્ટરીના સ્મોલ કેલ રૂપે તેમના સાથી યુવા ઉદ્યાગકાર સુનિલભાઇ ગજ્જર સાથે વ્યવસાયના શ્રીગણેશ કર્યા હતા અને આજે વિકાસ કૂચ તરફ આગળ વધી રહ્યા છે. વર્ષ - ૨૦૦૨માં શ્રીમતી કિંજલબહેન સાથે ગૃહાસ્વાશ્રમનો પ્રારંભ કરનાર જિજ્ઞેશભાઇને સાત વર્ષનો સુપુત્ર મિતુલ છે. જે રાજકોટ જિનિયસ સ્કૂલમાં ધોરણ પહેલામાં અભ્યાસ કરે છે. કિંજલબેન ધોરણ ૧૦ સુધી ભણ્યા છે.

જિજ્ઞેશભાઇ કોમ્પ્યુટર યુગને ક્રાંતિ ગણાવતા કહે છે કે, "આ યુગમાં વ્યક્તિને દરેક કાર્યમાં કોમ્પ્યુટરની જરૂરિયાત અનિવાર્ય બની ગઇ છે." તેઓ વાચન માટે સમય બચાવી શકતા નથી. પણ "તારક મહેતા કા ઉલટા ચશ્મા" ટીવી સિરિયલ અચૂક જોઇ લે છે.

ચેલેન્જ ગમે છે, તેવા યુવા ઉદ્યોગકાર જિજ્ઞેશ સંચાણીયા

બાદ્યા, આખડી, માનતા, ઉપવાસ, વ્રત, એકટાણાંમાં તેઓ શ્રદ્ધા રાખતા નથી. જાતે પૂજા પાઠ કે ધાર્મિક કાર્ય કરવાનો સમય મળતો નથી. પણ, વ્યવસાયના વિકાસ અર્થે ચીન, સ્પેન અને જર્મની પ્રવાસ ખેડ્યો છે. વ્યવસાયી સાથે સુનિલભાઇ ગજ્જર સાથે રહી પરિવાર, મિત્રો, સગાસંબંધીઓ અને વ્યવહારને એક સરખું માન - સન્માન આપતાં આપતાં ઇનોવેટિવ મોલ્ડ વર્કસને ઉચ્ચ સ્થાને પહોંચાડવામાં સફળ થયા છે. વર્ષ ૨૦૦૬માં રાજકોટના અટિકા વિસ્તારમાં પોતાનું એક નાનું પણ ટુલ રૂમ શરૂ કર્યું. ૨૦૦૮માં વી.એમ.સી. મશીનો સાથે અદ્યતન ડિઝાઇન વિભાગ, મોટું એસેમ્બલી ડિપાર્ટમેન્ટનું કોઠારીયા, ગોંડલ રોડ ખાતે નિર્માણ થયું છે. જે કાર્યમાં ખૂબ જ ચીવટ તથા કુશળતા અને સમય સાથે પ્રોડકશન કરવામાં ઇનોવેટિવ મોલ્ડ પ્રસ્થાપિત થઇ ચૂકી છે. વાણી, વર્તન, વિચારમાં ફેરફાર અને અંગ્રેજી ભાષાના વ્યવહાર તરફ ધ્યાન આપતા જિજ્ઞેશ સંચાણીયાને શુભેચ્છાઓ કે, જેઓ ખૂબ ગતિ, પ્રગતિ કરે.

કોઇ સંસ્થા સાથે સંકળાવા કરતાં પોતાનામાં જ એક સંસ્થાનું સુંદર નિર્માણ થાય, તેમ તેઓ ઇચ્છે છે. ઇશ્વર, દેવ, ગુરૂ ગ્રંથ પર વિશ્વાસ રાખનારા જિજ્ઞેશભાઇ કેળવણી ક્ષેત્રે કાર્યરત રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, વિશ્વકર્મા વિદ્યાનિકેતન ટ્રસ્ટમાં સકારાત્મક થતી પ્રવૃત્તિઓમાં અનુદાન આપ્યું છે. આઇ.ટી.આઇ.ના અભ્યાસકાળનો યાદગાર પ્રસંગ વાગોળતા તેઓએ કહેલું : "જયારે હું રાજકોટ આઇ.ટી.આઇ.માં ડ્રાફ્ટમેન મિકેનિકનો અભ્યાસ કરતો હતો. મારી ડ્રોઇંગ શીટ સુંદર હોવાથી શુક્લ સાહેબે મને કહ્યું હતું કે, તુ તારી ૧૦૮ શીટ મને સબમીટ કરવા આપ અથવા હું બધા જ વિદ્યાર્થી શીટ લઇ લઉં." આજે પણ સાહેબો તથા હજારો વિદ્યાર્થીને મારી શીટની મદદથી ડિઝાઇન કરે છે.

હૈયામાં હામ હોય ,મનમાં આગળ વધવાની તમન્ના હોય, તો શું ન થઇ શકે? ઉત્તમ ડિઝાઇનની દિશામાં સતત આગળ વધવા મથતાં જિજ્ઞેશભાઇનું સ્વપ્ન યુવા ડિઝાઇનરો માટે પ્રેરક છે. તેઓ કહે છે કે, હું છેલ્લા ૧૩ વર્ષથી ડિઝાઇન ફિલ્ડ સાથે સંકળાયેલો છું. મેં ખૂબ જ ; ચેલેન્જિંગ જોબ કર્યા છે. છતાં સંતોષ નથી. તેથી આગળ જતાં વધુ ચેલેન્જિંગ જોબ કરવાની ઇચ્છા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)